ગાંધીનગર સમાચાર
તા. ૮-૨-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

ફતવાનો અસ્વીકાર : હિંમતભર્યું પગલું

દિલ્હીની જામા મસ્જિદના પેશ ઈમામ બુખારીએ વિધાનસભાની ચૂંટણીના આગલા દિવસે મુસલમાન મતદાતાઓને અપીલ કરી હતી કે દિલ્હીમાં બિનસાંપ્રદાયિક સરકાર રચાય એ માટે આમ આદમી પાર્ટીના ઉમેદવારોને મત આપી એમની જીત સુનિશ્ચિત કરો. સામાન્ય રીતે આવી ધાર્મિક અપીલ અસરકારક નીવડતી હોય છે પરંતુ ઈમામ બુખારી અનેક બાબતોમાં વગોવાઈ ગયેલા ધાર્મિક નેતા છે, અને દર વખતે એમની અંગત ગણતરીઓ મુજબ ફતવા જાહેર કરતા હોઈ એમની અપીલ બહુ અસરકારક નથી રહી. ગઈ લોકસભાની ચૂંટણી વખતે સોનિયા ગાંધીએ સામે ચાલીને ઈમામ બુખારી સાથે મુલાકાત ગોઠવી હતી. ઈમામ ખુદ મુસ્લિમોમાં પણ વિવાદાસ્પદ છે, ત્યાં એમની અપીલથી બહુમતી સમાજના મતોનું ધ્રુવીકરણ થાય એટલે વાત પૂરી થઈ જાય. કોંગ્રેસને આવા ફતવા બહુ મોંઘા પડ્યા છે, એ ઈતિહાસ જાણીતો છે. આમ આદમી પાર્ટીએ એથીસ્તો જરા પણ સમય ગુમાવ્યા વગર પ્રેસ કોન્ફરન્સ યોજીને ઈમામના સમર્થનનો અસ્વીકાર કર્યો. વળી એમના પ્રવકતાએ તો ત્યાં સુધી કહ્યું કે ઈમામને દર વખતે મરજી મુજબ ઉતવા જાહેર કરવાની ટેવ પડેલી છે. એમણે દીકરાના લગ્નમાં પાકિસ્તાનના વડાપ્રધાનને નોતરું પાઠવ્યું હતું અને ભારતના વડાપ્રધાનને નિમંત્રણ આપવાનું ઉચિત નહોતું માન્યું. આવું ભારત વિરોધી વલણ ધરાવતા ઈમામનું સમર્થન પાર્ટીની ઊજળી તકોને નુકસાન જ પહોંચાડી શકે, એવી પરિપકવ સમજણ ધરાવતા કેજરીવાલે તાબડતોબ એનો અસ્વીકાર કરવાની હિંમત દર્શાવીને દિલ્હીના જ નહીં બલકે દેશના રાજકારણમાં ચીલો ચાતર્યો છે. અરુણ જેટલીએ હિંદુ મતોના ધ્રુવીકરણનો સંકેત આપતું નિવેદન કર્યું, તે સૂચક છે. ઈમામ સાંપ્રદાયિક વિચારધારાના પ્રતિનિધિ છે. એમનો ફતવો જેમને અણગમતો લાગે એમણે ફતવાની વિરુદ્ધ સો ટકા મતદાન કરવું જોઈએ અર્થાત્ હિંદુઓએ ભાજપને મત આપવા ઊમટી પડવું જોઈએ- એવું બિટવિન ધિ લાઈન્સ નિવેદન કરી ભાજપ રાષ્ટ્રીય નેતાએ પણ ભગવું રાજકારણ જ ખેલ્યું છે. તાજેતરમાં 'મૅસેન્જર ઑફ ગૉડ' ફિલ્મને કારણે જાણીતા બનેલા ડેરા સચ્ચા સૌદાના વિવાદાસ્પદ બાબા રામ રહીમ ઈન્સાં એ લોકસભા વખતે કરેલી એવી જ અપીલ દિલ્હીની ધારાસભાની ચૂંટણીમાં કરી છે અને ભાજપ તરફી વોટ આપવા એમના લાખો અનુયાયીઓને આદેશ આપ્યો છે. આ અપીલનો ભાજપ વિરોધ કરતો નથી! એને એમાં કોઈ સાંપ્રદાયિકતા દેખાતી નથી. દિલ્હીની ચૂંટણીમાં યેન કેન પ્રકારેણ વિજેતા બની ભાજપ એની ઈજ્જત બચાવવા માગે છે. જો દેશની હૃદયસ્થલી જેવી દિલ્હીમાં જ ભાજપ હારી જાય તો બાંધી મૂઠીનો ભ્રમ ખુલ્લો પડી જાય અને આગામી બિહારની વિધાનસભાની ચૂંટણીમાં મોદીના કરિશ્માને વટાવી ન શકાય. ત્યાં પણ કેજરીવાલની આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને સેકયુલર પરિબળો તરીકે ઓળખાવા માગતો ત્રીજો મોરચો જદ(યુ), રાજદ અને સમાજવાદી પાર્ટીનો શંભુમેળો ભાજપ માટે ભારે પડકારરૂપ બની રહે, સિફતપૂર્વક જદ(યુ)એ અને વામ પંથી પાર્ટીઓએ દિલ્હીમાં આમ આદમી પાર્ટીને સમર્થન જાહેર કરેલું છે, તે સૂચક છે. દિલ્હીની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાનો લિટમસ ટેસ્ટ થઈ જશે. કટ્ટરવાદી હિંદુ સંગઠનો દ્વારા છેલ્લા દિવસોમાં ચલાવાયેલ 'ઘરવાપસી' જેવા કાર્યક્રમો અને સાક્ષીમહારાજ, યોગી આદિત્યનાથ કે સાધ્વી પ્રાચી જેવા ભગવાધારીઓનાં હિંદુ ધર્મ ખતરામાં હોવાનાં નિવેદનો તેમજ ખ્રિસ્તી ધર્મસ્થાનો પર હુમલા અને તે સંદર્ભે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખની કડક ટીકા જેવા અનેક મુદ્દાઓ સામે આ ચૂંટણીનાં પરિણામો સત્તાધારી પાર્ટી માટેનું રેફરંડમ-લોકમત જ બની રહેશે.

એસ.જી. પ્રાથમિક શાળાના યજમાન પદે ભગિની સંસ્થાઓનો વાર્ષિકોત્સવ સંપન્ન

સંસ્થાના ચેરમેને પ્રાથમિક શાળાના રેન્કર્સ વિદ્યાર્થીઓની ૫૦ ટકા ફી માફીની જાહેરાત કરી

ગાંધીનગર, તા. ૭

એસ.જી. પ્રાથમિક શાળાના યજમાનપદે ૬ઠ્ઠી ફેબ્રુઆરી-૨૦૧૫ના રોજ નાથીબા હોલમાં કડી સર્વ વિદ્યાલય સંચાલિત ચાર ભગિની સંસ્થાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ ઉજવાઈ ગયો. શાળાઓના વાર્ષિકોત્સવમાં ગુરૂ વંદનાને લગતા પૌરાણિક, અર્વાચીન અને મોર્ડન ગુરૂ-શિષ્યોને અભિવ્યક્ત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલયની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલ, જે.બી. પ્રાથમિક શાળા, આર.એન. વિદ્યાલય અને એમ.બી. કન્યા પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે ગુરુ વંદનાનો વાર્ષિકોત્સવ ખૂબ જ દબદબાભેર ઉજવાઈ ગયો. આ પ્રસંગે ચિલ્ડ્રન યુનિવર્સિટીના પૂર્વ મદદનીશ કુલપતિ હર્ષદભાઈ પટેલ, સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ડૉ. કનુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે એસ.જી. પ્રાયમરી સ્કૂલના 'ન્યૂઝ લેટર'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક વક્તવ્યમાં ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે દર વર્ષે મળતા ઈનામોની રકમમાં વધારો કરી રેન્કર્સ વિદ્યાર્થીને વાર્ષિક ફી માં ૫૦ ટકા માફી આપવાની જાહેરાત કરી હતી. જેને વાલીઓએ વિદ્યાર્થીઓએ અને શાળા પરિવારે તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

એસ.જી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સૌ પ્રથમ કૃષ્ણ-અર્જુનનો ગીતા સાર સુંદર ગીત અભિનય સાથે રજૂ કર્યો હતો. આર.એન. પ્રાથમિક શાળા,એમ.બી. કન્યા પ્રાથમિક શાળા અને જે.બી. પ્રાથમિક શાળાઓના બાળકોએ પણ ગુરુ વંદનાને પ્રદર્શિત કરતા જીજીબાઈ, સ્વામી રામદાસ, શિવાજી, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ વગેરેને અભિયન ગીત-સંગીત અને સંવાદ સાથે રજૂ કર્યા હતા. આપણી પૌરાણિક, અર્વાચીન અને મોર્ડન ગુરુ શિષ્ય પરંપરાને શાળાઓએ બાળકોની અભિનય કલાથી રજૂ કરી હતી. શાળાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં એસ.જી. પ્રાથમિક શાળાના આચાર્યા મિલિ સિંહ, જે.બી. પ્રાથમિક શાળાના આચાર્યા નીવાબેન, આર.એન. પ્રાથમિક શાળાના આચાર્ય દશરથભાઈ પટેલ અને એમ.બી. કન્યા પ્રાથમિક શાળાના આચાર્યા નીરૂબેન પટેલનો સુંદર સહકાર મળ્યો હતો. શિક્ષકોના સહકારથી સફળ રીતે કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન શિલ્પાબેને કર્યું હતું.

હરિની દૃષ્ટિ...

કાકા, વેલેન્ટાઇન ડેની અનબ્રેકેબલ ગ્રીફ્ટ છે ?..પેલી ગુસ્સે થઇને ઘા કરે તો...બીજીને આપવા કામ લાગે..!

સોજા હાઈસ્કૂલમાં સ્વાઈન ફ્લુ રોગ પર જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૭

કલોલ તાલુકાની શૈક્ષણિક સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજામાં આજરોજ સ્વાઈન ફ્લુ અંગે જનજાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ચાલો સ્વાઈન ફ્લુને સમજીએ અને સાવચેતી રાખીએ' અંતર્ગત વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવેલ.

જેમાં શાળાના વિજ્ઞાન શિક્ષક રાકેશ પ્રજાપતિ અને શારીરિક શિક્ષણના સારસ્વત સંજયભાઈ નાયક દ્વારા સ્વાઈન ફ્લુ રોગના લક્ષણો, જવાબદાર પરિબળો, રોગ ફેલાવાના કારણો, રોગથી બચવાના ઉપાયો, રોગનો ફેલાવો અટકાવવાના ઉપચારો, નિદાનાત્મક અને ઉપચારાત્મક પ્રયાસો-પ્રયત્નો અને સામાન્યતઃ ધ્યાનમાં રાખવાની વિવિધ બાબતો અંગેની જાણકારી પુરી પાડવામાં આવી હતી. શાળાના કલા શિક્ષકશ્રી ભરતભાઈ પટેલ અને આચાર્ય ભાવેશભાઈ જોષીએ બાળકો કેવી રીતે આ અભિયાનને સમાજ સુધી લઈ જઈ શકે અને જનજાગૃતિ ફેલાવા માટે શું કરી શકાય તેની ખૂબ જ ઊંડાણપૂર્વકની તલસ્પર્શી માહિતી પુરી પાડી હતી. ઘરગથ્થુ ઉપચારો વિશે પણ સવિશેષ ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી.

સાયન્સ એક્સપ્રેસ ટ્રેનની મુલાકાતે વિદ્યાર્થીઓ

ગાંધીનગર શહેરના રેલવે સ્ટેશને સાયન્સ એક્ષ્પ્રેસ ટ્રેન ત્રણ દિવસ દરમિયાન રોકાઈ હતી. સાયન્સને લગતી પ્રવૃત્તિઓ કરતી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને સાયન્સ ટ્રેનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. સંસ્થાના કો ઓર્ડિનેટર શિવાંગ પટેલ અને હાર્દિક મકવાણાની રાહબરી હેઠળ મુલાકાત કરવામાં આવી હતી.

એલડીઆરપીમાં લા-કમ્પાસ કાર્યક્રમનું આયોજન

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એસસી આઈટી, એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડિઝ અને એલડીઆરપી-આઈટીઆર દ્વારા નેશનલ ટેકનિકલ મેગા ફેસ્ટીવલ લા-કમ્પાસ-૨૦૧૫માં આયોજન તા. ૧૦ ફેબ્રુઆરીના મંગળવારના રોજ એલડીઆરપી-આઈટીઆર કેમ્પસ, સેકટર-૧૫ અને એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડિઝ, સેકટર-૨૩ ખાતે યોજાશે. જેમાં રાજયની ૧૦૦થી વધુ કોમ્પ્યુટર સાયન્સ કોલેજના આશરે ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ આઈટી કિવઝ, ડી-કોડીંગ પેપર પ્રેઝન્ટેશન, બી-ઈનોવેટીવ, ૫૦૦ ફોરચ્યુન, ગેમીગ, એન્ડ્રોઈડ સેમિનાર, યુનિટી ૩-ડી સેમીનાર, ક્રિએટીવ આર્ટીસ્ટ, સોફ્ટવેર સ્નિપર, વેબસાઈટ ડિઝાઈન, પોસ્ટર સ્પીક સહિતની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્ર જોગ

ગાંધીનગર, તા. ૭

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ચાલુ વર્ષ ધોરણ-૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાના પરિણામની સાથે જ સરળતાથી શાળામાંથી જ જાતિ પ્રમાણપત્ર મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જે અનુસાર મહાનગરપાલિકા વિસ્તારની શાળાઓ માટે જિલ્લા નાયબ નિયામક (વિ.જા), ગાંધીનગર તાલુકા મથકે આવેલી શાળાઓ માટે સંબંધિત મામલતદાર કચેરીમાં અને ગ્રામ્ય વિસ્તાર માટે સંબંધિત તાલુકા વિકાસ અધિકારીને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમીક શાળાના આચાર્યશ્રીને દરખાસ્ત કરવાની રહેશે. જે માટેના અરજી પત્રકો જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ, ગાંધીનગરની કચેરીએથી તા. ૧૩/૦૨/૨૦૧૫ સુધી મેળવી લેવાના રહેશે. તેમજ તે અરજી ફોર્મ તા. ૨૩/૦૨/૧૫ સુધી તૈયાર કરી દરખાસ્ત સંબંધિત કચેરી ખાતે તા. ૨૭/૦૨/૨૦૧૫ સુધી ચકાસણી કરાવી લેવા અને સંબંધિત કચેરી પાસેથી તૈયાર કરવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર મેળવી વિદ્યાર્થીઓને માર્કશીટની સાથે વિતરણ કરવાનું જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિ, ગાંધીનગરના શ્રી એમ.પી.ઠાકરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

સાસ-બહુ અને રોના-ધોના સિવાયનું મસ્ટ વોચ એન્ટરટેઇનમેન્ટ હાજીર છે...!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

૭ વાગે સાથ નિભાના સાથીયા કહેતી કહેતી ગુજરાતી ગોપી વવ આવી જાય ને પછી ૭.૩૦ ટાઈમ થઈ જાય યે હૈ મહોબ્બતેનો પંજાબી - મદ્રાસી મીક્સ તડકો. હજુ આ તડકામાંથી બહાર આવો ત્યાં તું મેરા હીરો જેવું ધવનીયું નામ ધરાવતો ચોકલેટી પ્રોગ્રામ ખાબકી પડે અને હજુયે જો રીમોટનું બટન નાં જ દબાવવું હોય તો નિશા અને એની કઝીન્સની હારે હારે દીયા અને બાતીથી અક્ષરાની લંબાતી જતી ઈસ્ટોરી લઈને સવાલ પુછાય જાય એ રિશ્તા ક્યાં કહેલાતા હૈ ?..આપણને શું ખબર ભાઈ...? ને વચ્ચે જો બટન દબાવાય ગયું તો જેઠા વિથ બબીતા એન્ડ કુ. હાજર છે. એમ તો શાસ્ત્રી બહેનો, સીમરનું સાસરું અને પેલી મીઠડી છોરી ચકોરની ઉડાન પણ છે જ પાછળ પાછળ. બસ તમારો પ્રાઈમ ટાઈમ આમાંને આમાં જ પૂરો થઈ જાય કે શું? અરે આ સાસ-બહુ, સિસ્ટર-ફીસ્ટર કે પછી ચીન્ગમની જેમ ખેચ્યે જતા તારકભાઈના ઉલટાચશ્માંથી આગળ પણ એક ટાઈમ છે, ભલેને એ પ્રાઈમનાં હોય પણ એ છે ક્લાસ ટાઈમ.

એક જમાનામાં ઈડિયટ બોક્ષ કહેવાતી ૨૨ - ૩૨ કે ૪૦ ઇંચ ની આ ચમકતી સપાટી હવે ખાલી ઈડિયટ નથી રહી, એમાં પણ અક્કલમંદી અને અચંબાની અનેક દુનિયા પ્રસારિત થઈ રહી છે. સવાલ છે ફક્ત રિમોટનું કયું બટન તમે દબાવો છો એનો જ!!! યસ, ટીવી મનોરંજન જગતમાં પણ હવે ખાલી પ્રાઈમ ટાઈમ એવું લટકનીયુ લગાવવું બહુ જરૂરી નથી અને એ એટલા માટે કે બહુ બધા શો એવા છે જે આ પ્રાઈમ ટાઈમ સિવાય આવે છે અને નોંધનીય વાત એ છે કે એના દર્શકો પણ ઘણા છે. યસ એવું બને કે ટીઆરપીની રમતમાં આ શોઝ કદાચ શામેલ હોય કે નાં પણ હોય પણ એના લીધે એની દર્શક વેલ્યુમાં કોઈ ફેર પડતો નથી પણ એ જરૂર છે કે આ શોઝ માસ માટે નહિ પણ કદાચ ક્લાસ માટે જ બનેલા છે એટલે એનું ટાઈમિંગ રસિયાઓને તો ખબર હોય જ પણ જો ક્યારેક આ સાસ-બહુથી બહાર નીકળીને આ શોઝનું બટન દબાવાય ગયું તો બને કે એના આદી ચોક્કસ થઈ જવાય. કેમકે બહુધા આ શો વાસ્તવિક અને કૈક અનોખા છે. એને રીયાલીટી શો કહો કે ડોક્યુમેન્ટ્રી શો કે પછી લર્નિંગ શો એ તમારા પર ડીપેન્ડ છે પણ એક વાતની ખાતરી કે આમાં છે અસલી મજા...!! આવો ચેન્જ કરીએ આવા થોડાક અનોખા શોઝની ચેનલ્સને!!!

શરૂઆત તમે જેવું અક્ષરાની આપવીતી જોઈને ટીવી ઓફ કરો છો એના બિલકુલ પછીથી આવતા બે મસ્ત શોઝથી કરીએ. પહેલો છે લગાન જેવી અનેક સારી ફિલ્મો બનાવનાર આશુતોષના શો એવરેસ્ટથી બેશક ટીઆરપી ઓછી છે પણ રોના ધોનાથી થોડો હટકે આ એડવેન્ચર શો જોવો ગમે એવો છે અને એની બિલકુલ પાછળ પાછળ આવતો અને હમણા જ શરુ થયેલો માસ્ટર શેફ ઈન્ડિયા. ખબર નહિ કેમ પણ આ વખતે આ મસ્ત કુકરી શો ને આટલો લેઈટ સ્લોટ આપ્યો પણ સ્વાદના શોખીનો અને રાંધણ કળાના કસબીઓએ આ શો જોવો જ રહ્યો. ભારતના બેસ્ટ શેફ્સ સંજીવકપૂર અને વિકાસ ખન્નાની ટીપ્સ આ ભાવમાં ક્યાય નાં મળે...!!

ટીવી ચેનલ્સમાં કદાચ કલર્સ એક એવી ચેનલ છે કે જેમાં હમેશા હટકે શોઝ વધુ આવે છે. હમ તુમ એક કમરે મેં બંધ હો ઔર ફિર ક્યાં હો...જબરદસ્ત હંગામા, લવ, હેટ, અને માનવમનના અનેક છુપાયેલા તરંગો અને ભાવોને બહાર કાઢવામાં સફળ રહેતો શો બીગ બોસ્સ હમણા જ ખત્મ થયો. યસ બીગ બોસ્સના ચાહકોની સંખ્યા ઓછી નથી ભલેને ઘણી વખત સ્કિપટેડ લાગે છતાયે આ શો ટીઆરપીમાં પણ આગળ જ હોય છે. જો કે રીયાલીટીના ચાહકો માટે બીગ બોસ્સની જગ્યાએ શ્વાસ રોકી દેતા કારનામાઓ સાથે રોહિત શેટ્ટી હાજર થઈ ગયો છે. સાઉથ આફ્રિકાના ખુબસુરત શહેર કેપટાઉનમાં શૂટ કરેલા આ થ્રીલ્લર વિકએન્ડનું મસ્ત મનોરંજન છે, હા કલેજું થોડું મજબુત હોવું જરૂરી છે. એમ તો સાક્ષી તન્વરના હોસ્ટીગ નીચે કોડ રેડ નામનો અવર્નેસ શો શરુ થયો છે. મુશ્કેલીઓ અને એના સમાધાનો પર આધારીત આ શો એ કલર્સનો સત્યમેવ જયતે જ કહી શકાય. આ બધાની વચ્ચે કપિલનો કોમેડી શો હવે ફક્ત રવિવાર પુરતો જ થઈ ગયો છે, જો કે એમાં આ કોડ રેડનો નહિ પણ કપિલ ફિલ્મના શુટિંગમાં વ્યસ્ત છે એનો વાંક ગણી શકાય.

કોમેડી પરથી યાદ આવ્યું કે કોમેડી ચેનલ તરીકે જ જેની ગણના થાય છે અને જેના પર મહત્તમ નહિ પણ લગભગ બધા જ હસ્સી કે હસગુલ્લે જેવા શોઝ આવે છે એ સબ ટીવી પર શની-રવી રાત્રે ૯ વાગે ધ ગ્રેટ ઈન્ડિયન ફેમીલી ડ્રામા નામે એક નવો કોમેડી શો શરુ છે એની ખાસ વાત તો છે સતીશ કૌશિક. યસ આ કેલેન્ડરની કદાચ પહેલી ફુલ્લ કોમેડી સીરીઝ હશે, અગાઉ મર્હુમ જસપાલ ભટ્ટીની ઉલટા પુલટામાં આ મહાકાય ચમકેલા એ યાદ છે. આમ તો એ જ સોની ટીવીના કોમેડી સર્કસના જ કલાકારો સ્ટેન્ડ અપ કોમેડી કરે છે પણ છતાયે ઘણા સમય પછી રાઉફ લાલા કે બેગમ પારો અર્ચના હહાહાહા પુરણ સિંહ સહિતના જુના કોમેડિયનને જોવા ગમે છે.

જનરલી વીકએન્ડમાં મનોરંજક શોઝ વધુ આવે છે પણ ઘણા શોઝ એવા પણ છે જે રોજ આવે છે પણ કદાચ તમારામાંથી ઘણાએ એ બાજુ રીમોટીયું બટન નથી દબાવ્યું. એમાંની એક ચેનલ છે ડીસ્કવરી. આમ તો બહુધા રીયાલીટી શો જ બતાવતી આ ચેનલ પરના એકેક પ્રોગ્રામ અદ્ભુત અને જ્ઞાનવર્ધક છે જ એમાં કોઈ શક નથી. જેમ કે ૮ વાગે આવતો ફેમસ મેન વર્સીસ વાઈલ્ડ.આ પ્રોગ્રામ વિષે કશું લખવાની જરૂર નથી પણ ધ્યાન દોરવું છે બીજા અમુક ટચુકડા અને ઓછા જાણીતા શોઝ પર. જેમ કે ૯ વાગે આવતો વોટ હેપન્ડ નેક્સ્ટ ? એકદમ સાચા ફૂટેજ સાથે વિજ્ઞાનની વાત સમજાવતો આ પ્રોગ્રામ એકવાર જોશો તો અચૂક બંધાણી થઈ જશો. અને એવો જ બીજો છે હાવ ડુ ધેય ડુ ઈટ? કઈ રીતે કોઈ વસ્તુની ઉત્પાદન પ્રક્રિયા કે મેન્યુફેક્ચરીગ પ્રોસેસ છે એનો નાનીથી લઈને મોટી વસ્તુ સુધીનો ઇન-પ્લાન્ટ અહેવાલ વાળો આ શો બધા ને ગમે એવો છે ને એને બિલકુલ મળતો આવતો શો છે ફેક્ટરી મેઈડ. અનેક પ્રોડક્ટ્સની બનાવટ અને એમાં પડતી તકલીફો કે ટેકનીકલ પાસાઓની છણાવટ જોવાની મજા પડે એવો આ શો પણ ડીસ્કવરી પર વખણાય છે. ને હા જો તમને સદાય એમ પ્રૌ થતા હોઈ કે આ આઈસ્ક્રીમ કે વેફર કે બિસ્કીટ કે બ્રેડ કેમ અને ક્યા બનતી હશે તો તમારે જોવો રહ્યો ફૂડ ફેક્ટરી. મોટાભાગે કેનેડાની ફૂડ ફેક્ટરીઓ બતાવતો આ પ્રોગ્રામ તમે આરોગતા નાનામાં નાની ચીજથી લઈને મોટી ખાદ્યસામગ્રીની બનાવટ અને ઉત્પાદન પ્રક્રિયા વિષે ઘણી નાં જાણેલી વાતો સ્ટ્રેટ ફ્રોમ ધ પ્લેસ બતાવે છે...એકવાર જોઈ જજો!! આ ઉપરાંત યુ હેવ બિન વોર્ન અને રેમ્પેજ જેવા રીયલ ફૂટેજ ધરાવતા શો તો ખરા જ...જેને જોઈને તમે કૈક નવું જાણશો કે અચ્મ્બિત થશો એ નક્કી છે.

ડીસ્કવરીની સ્પર્ધક નેશનલ જયોગ્રાફિક ચેનલ પણ કાઈ પાછળ નથી. આમ તો મોટાભાગે વાઈલ્ડ લાઈફના અદભુત શોઝ બતાવતી આ ચેનલના અનેક શોઝ નવીન અને આપણી જાણવાની ભૂખ મીટાવે એવા છે. પ્રખ્યાત એન્કર મનીષ પોલની હિન્દી કોમેન્ટ્રી સાથે આવતો સાયન્સ ઓફ સ્ટુપીડ આમાંનો એક છે. મૂર્ખાઓના કારનામાઓના સાચા વિડીયો સાથે વિજ્ઞાનને સમજાવતા આ શોમાં મનીષના શબ્દો અને હસવું આવે એવા મુર્ખ કારનામાઓની સાથે સાથે સહેલાઈથી વિજ્ઞાનની વાત આપણા ગળે શીરાની જેમ ઉતરી જાય છે. તો જેમણે ફોટોગ્રાફીમાં રસ હોય એમના માટે રાત્રે ૮ વાગે કવર શોટ મેકશીમ્મ સીટી નામે મસ્ત શો આવે છે. કોઈ એક સિચ્યુએશન કે શહેરમાં જઈને એક ચોક્કસ સ્થળ કે પ્રસંગની અમુક ફોટોગ્રાફર ફોટોગ્રાફી કરે છે અને પછી ફોટો જગતના ચાર મહારથીઓ એમાંથી બેસ્ટ ફોટો પસંદ કરે છે અને એ ફોટાની ખાસિયત કે પછી સિલેક્ટ નાં થયેલા ફોટામાં શું ખામી રહી ગઈ એની છણાવટ કરે છે એ આખોય શો ફોટોગ્રાફી શીખવા માંગતા કે શીખતા કે ઇવન પ્રસ્થાપિત થઈ ગયેલા ફોટોગ્રાફર માટે પણ જોવાલાયક બની રહે છે.

ડીસ્કવરી પર કેદારનાથ કે પછી રીબ્લ્લીક ડે ની સુંદર ફિલ્મો તો જોઈ જ હશે પણ એ જ રીતે દુબઈ એરપોર્ટ પરની હાલ ચાલતી સીરીઝ પણ જોવા જેવી છે. વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટમાંનું એક દુબઈ એરપોર્ટને લગતા સલામતી, વ્યવસ્થા અને સગવડતા પરની આ સીરીઝથી ખ્યાલ આવે કે વિશ્વમાં શ્રેષ્ઠ થવું કેટલું અઘરું અને કુનેહ માંગી લેતું કામ છે. આ ઉપરાંત પણ એક નવીન શો છે ક્રાઉડ કન્ટ્રોલ. ટ્રાફિક નિયંત્રણ અને ટ્રાફિક તોડતા લોકોની સમસ્યા વિશ્વમાં બધે એકસરખી જ છે. પણ એનો લોકોને નડ્યા વગર જુદી જુદી કેટલી રીતે નિવારણ કરી શકાય એનું મોડેલ અને સ્થળ સાથેનું વિવરણ બતાવતો આ શો પણ બધાથી જુદો પડે છે. જેશન સિલ્વા દ્વારા હોસ્ટ વિખ્યાત રીયાલીટી શો બ્રેઈન ગેમની પાંચમી સીઝન શરુ થઈ ગઈ છે.દિમાગમાંથી ડર અને રોમાંચના સુક્ષ્મ કણોની હાલત અને સમાધાનવાળો આ વિજ્ઞાનિક શો બુદ્ધિશાળી નાં હો તો પણ એકવાર જોઈ લેવો...ગમશે જ ગેરંટી !!!

પહેલા ફોકસ હિસ્ટરી અને હવે ફોકસ લાઈફ નામે ઓળખાતી ચેનલ પર પણ તમને ભારતીય તડકો જોવા મળશે. આમ તો મોટાભાગે પર્યટન અને ફૂડના શો જ રજુ કરતી આ ચેનલ પર જોવા ગમે એવા અનેક શોઝ છે જેમ કે ટવીસ્ટ ઓફ ટેસ્ટ વિથ વિનીત ભાટિયા કે જેમાં અસલ વાનગીને નવો રૂપ રંગ અને સ્વાદ અપાય છે કે પછી લાઈફ મેં એક બાર જેવો રખડપટ્ટીની સાથે સાથે રોમાંચવાળો શો હોય કે પછી ફૂડ ના અનેકો પ્રોગ્રામ જેવા કે ફૂડ સફારી, ફ્રેંચ ફૂડ સફારી કે પછી સ્ટ્રીટ ફૂડનો જલવો દેખાડતો શો હોય.કે પછી ડેવિડ રોક્કોનું ભારત ભ્રમણ હોય કે જેમાં અમદાવાદ, મુંબઈ, દિલ્હી જેવા શહરોની ફૂડ યાત્રા હોય. ભારતીય હોય એટલે આપણને જોવું વધુ ગમે જ. આ ઉપરાંત જગતભરના પ્રવાસન સ્થળોની સફર કરાવતો શો ગેટવે હોય...જેવો તમારો રસ એવું તમને જોવા મળી જાય.

સેટ મેક્સ પર ગીનીસ બુકમાં સ્થાન મળે એટલી વાર આવતા સૂર્ય વંશમથી કંટાળ્યા હોવ તો એન્ડ પિક્ચર ચેનલ પર દર શુક્રવારે રાતે ૮ વાગે પહોચી જવું...એય ને જેમ્સ બોન્ડની ફિલ્મોના ચાહકો માટે ત્યાં દર ફ્રાઈડે માય નેઈમ ઈઝ બોન્ડ..જેમ્સ બોન્ડ કહેતો રોજર મુરે કે ટીમોથી સહિતના બધા બોન્ડ હાજર છે. એ જ રીતે રોમેડી નાવ ચેનલ પર એક થી ચડિયાતા એક એવા અનેક રોમેન્ટિક મુવી રોજ જોવાનો લહાવો પણ લેવા જેવો છે. હમણાં જ ચાર્લીની ફિલ્મોનો ખજાનો પસાર થયો એમાં જેણે જોયો હશે એને જેકપોટ જ લાગ્યો કહેવાય.

આ તો થઈ અમુક શોઝની વાત પણ જો રોના ધોનાથી આગળ જવું હોય તો રીમોટ ફેરવતા રહો કદાચ આંથી વધુ સારા અને વધારે શોઝ પણ તમારી નજરે ચડી જાય. બને કે આ લખ્યા એમાંથી ઘણા શોઝ રીપીટ પણ આવતા હશે પણ જો નાં જોયા હોય તો અચૂક જોવા જેવા તો ખરા જ. ટૂંકમાં સાસ - બહુને જેઠા - દયાથી આગળ પણ એક મનોરંજન છે જે નિર્ભેળ, સાચું અને જ્ઞાનવર્ધક છે જ એમાં બેમત નથી... બાકી તો ધર્મ પ્રવચનો - ક્રિકેટ -ફીકેટ - શોપિંગ-વોપીગ વ્ગેરાહ વ્ગેરાહ તો છે જ...જૈસી જિસકી સોચ શેઠજી...!!!